### અમિતાભ બચ્ચનની ઈવેન્ટ બાદ રૂપિયાની લેવડ દેવડમાં

# નારાયણી ફાર્મનાં સંચાલકો સામે મારામારીની ફરીયાદ

## એજન્સી અને નારાયણી ફાર્મના સંચાલકો હાથાપાઈ પર ઉતરી આવતા બંને પક્ષે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર-ઈન્દીરાબ્રીજ માર્ગ પર સ્થિત પ્રતિષ્ઠિત હોટલ એન્ડ કલબ નારાયણી ફાર્મમાં જાન્યુઆરી માસમાં અમિતાભ બચ્ચન બોલાવી ઈવેન્ટ ગોઠવવામાં આવી હતી. બચ્ચનને લાવનાર એજન્સી અને નારાયણી ફાર્મના સંચાલકો બે દિવસ અગાઉ રૂપિયાની લેવડ દેવડમાં મારામારી પર ઉતરી આવ્યા હતાં. એક મહિલાને એપોલોમાં દાખલ પણ કરવામાં આવી છે. સમાધાન અને ઉપરી કક્ષાએથી દબાણ બાદ બીજા દિવસે મોડી સાંજે અડાલજ પોલીસ મથકમાં સામ સામે પોલિસ ફરિયાદ નોંધાવા પામી હતી. પોલીસે બંને પક્ષે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ઉત્તરાયણના દિવસે નારાયણી ફાર્મ હોટલ એન્ડ કલબ ખાતે અમિતાભ બચ્ચનને ઈન-વેન્ટ ઈવેન્ટ એજન્સી મારફતે લાવવામાં આવ્યા હતાં. ઈવેન્ટ ગોઠવ્યા બાદ નિયત કરેલા રૂપિયા પૈકી મોટા ભાગમી રકમ નારાયણી ફાર્મનાં સંચાલકો દ્વારા ચુકવી દેવામાં આવી હતી. માત્ર ૪૫ હજાર જેટલી રકમ મળતી માહિતી મુજબ લેવાની બાકી નીકળતી હતી તેના માટે એક અઠવાડીયાથી ઉઘરાણી કરવા છતાં નારાયણી ફાર્મના સંચાલકો દ્વારા આજ કાલનો વાયદો અપાઈ રહ્યો હતો. એજન્સીના ગ્રીષ્માબેન ત્રિવેદી અને તેમના પતિ અત્રીષ ત્રિવેદી બુધવારે સાંજે નારાયણી ફાર્મ પહોંચી ગયા હતાં. નારાયણી ફાર્મના સંચાલકો સંજીવ ગોપીરામ ગુપ્તા અને રાજીવ ગુપ્તા પણ ત્યાં હાજર હતાં. રૂપિયાની લેતી દેતીમાં બોલાચાલી થયા બાદ બંને સામસામે આવી ગયા હતા અને હાથા પાઈ પર આવી ગયા હતાં. મુઢ માર વાગતા ગ્રીષ્માબેનને એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બંને પક્ષે પોલિસ પર ફરિયાદ લેવા દબાણો શરૂ થઈ ગયા હતા એક દિવસ આખો સમાધાન તથા દબાણની પ્રક્રિયામાં ગયો આખરે ગઈ મોડી સાંજે બંને પક્ષે અડાલજ પોલીસે ફરિયાદ લઈ ક્રોસ ફરિયાદને આધારે ગુનો દાખલ કર્યો છે. એક પક્ષે ગ્રીષ્માબેન ત્રવેદીની ફરિયાદ લઈ સંજીવ ગુપ્તા અને રાજીવ ગુપ્તા સામે તો બીજી તરફ સંજીવ ગુપ્તાની ફરિયાદ લઈ ગ્રીષ્માબેન ત્રિવેદી અને અત્રીષ ત્રિવેદી સામે કલમ ૩૨૩ મુજબ ગુનો નોંધી તપાસ શરુ કરી છે.



જોખમી સવારી જીપની સવારી : ઉત્તર ગુજરાત અને ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ જીપની સવારી સર્વસામાન્ય છે. સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લાના માર્ગો પર આવા દ્રશ્યો દર દસ મિનિટે જોવા મળે છે. ન તો પોલીસ તંત્ર રોકે છે, ન તો આર.ટી.ઓ. તંત્ર રોકે છે અને મુસાફરો પણ જીવના જોખમે પગથિયે લટકીને પણ સસ્તા ભાડાની લાયમાં મુસાફરી કરતા હોય છે. આ માત્ર કાયદાનો વિષય નથી સમજદારીનો પણ છે. આવા દ્રશ્યો નાથવા સમાજ અને તંત્રએ સંયુક્ત જાગૃતિ અભિયાન કરવું પડશે.

### ખેડૂતોને પડતા પર પાટુ

# બટાટા કોલ્ડ સ્ટોરેજ એસોસિએશને કટ્ટા દીઠ ૧૭.૫૦ નો ભાવ વધારો કર્યો

## ભારતીય કિસાન સંઘે વિરોધ નોંધાવી ભાવ પરત ખેંચવા એસોસિએશન અને કૃષિમંત્રીને પત્ર લખ્યો

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યના ખેડૂતોની માઠી દશા બેસી ગઈ હોય તેવું લાગી રહ્યું છે. કાળી મજૂરી કરીને ખેડૂતો પાક પકવતા હોય છે. પરંતુ યોગ્ય ભાવ મળતા હોતા નથી. પહેલા કપાસના કારણે ખેડૂતોને આત્મહત્યા કરવી પડી હતી અને હવે કોલ્ડ સ્ટોરેજ એસોસિએશન દ્વારા કરવામાં આવેલા ભાવ વધારાને કારણે આત્મહત્યા કરવાનો વારો આવે તેવું લાગી રહ્યું છે. ભારતીય કિસાન સંઘ દ્વારા કોલ્ડ સ્ટોરેજ એસોસિએશને કરેલા ભાવ વધારા સામે સખત વિરોધ નોંધાયો છે.

રાજ્યનું હવામાન અને જમીન અનુકૂળ હોવાથી બટાકાનું વાવેતર પુષ્કળ પ્રમાણમાં થાય છે. અને તેના કારણે રાજ્યમાં કોલ્ડ સ્ટોરેજનું પ્રમાણ પણ ખુબ જ છે. ખેડૂતોને બટાકાનો ભાવ ન મળતો હોય તે સમયે કોલ્ડ સ્ટોરેજમાં બટાકા મુકી રાખતા હોય છે. પરંતુ ચાલુ વર્ષે ખેડૂત વિરોધી વર્ષ હોય તેવું લાગી રહ્યું છે. ખેડૂતોને પહેલા કપાસે રોવડાવ્યા અને હવે કોલ્ડ સ્ટોરેજના માલીકો રોવડાવવા બેઠા છે.

હાલમાં જ બટાકાનો પાક ખેતરમાંથી કાઢવાની કામગીરી ચાલુ માંડ કરવામાં આવી છે ત્યારે કોલ્ડ સ્ટોરેજ એસોસિએશને બટાકાના એક કટ્ટા દીઠ ૧૭.૫૦ પૈસાનો તોતીંગ વધારો કરી ખેડૂતોને જીવતાજ મારી નાકવામાં આવ્યા છે. બટાકાના બજારમાં ભાવ મળતા નથી અને તેના કારણે ખેડૂતોને બટાકા રાખી મુકવા માટે કોલ્ડ સ્ટોરેજનો સહારો લેવો પડતો હોય છે.

ભારતીય કિસાન સંઘે કોલ્ડ સ્ટોરેજ એસોસિએશને કરેલા ભાવ વધારા સામે વિરોધ નોંધાવ્યો છે. અને કહ્યું છે કે આ તો ખેડૂતોને પડતા પર પાટુ કહેવાય. વધારે પ્રમાણમાં બટાકાનો પાક થયો હોવાથી એસોસિએશન મજબુરીનો લાભ લઈ રહ્યું છે. કિસાન સંઘે આ ભાવ વધારો પરત ખેચવા કોલ્ડ સ્ટોરેજ એસોસિએશનને પત્ર લખવામાં આવ્યો છે. તેમજ ખેડૂતોના કપરા સમયમાં કૃષિમંત્રીને ખેડૂતોની વ્હારે આવવા જણાવ્યું છે.

# છઠ્ઠા પગારપંચના લાભો આપવા એસ.ટી. મજદૂર સંઘની માંગ

## કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો આંદોલનની રાહ અપનાવાશે

ગાંધીનગર, તા.૧૩

છઠ્ઠા પગારપંચના લાભો આપવાની માંગ સાથે એસ.ટી. મઝદૂર સંઘના પ્રતિનિધિઓએ આજે વિવિધ ૩૬ માંગણીઓ સંદર્ભે ડેપો મેનેજરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. જેમાં છઠ્ઠા પગારપંચ મુજબ કર્મચારીઓને ઓવરટાઈમનો લાભ, ધારાધોરણ મુજબ રજાઓ અને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવા રજૂઆત કરવામાં આવી છે.

એસ.ટી. મઝદૂર સંઘના કર્મચારીઓને આવેનદપત્રમાં જણાવ્યા મુજબ મઝદૂર સંઘના સભાસદોના પડતર પ્રશ્નોનો લાંબા સમયથી ઉકેલ આવતો નથી. છઠ્ઠા પગારપંચની વિસંગતતા દૂર કરવા કમિટીની રચના કરવામાં આવી છે. આમ છતાં કોઈ ઉકેલ આવતો નથી. છઠ્ઠા પગારપંચ મુજબ કર્મચારીઓને સી.એલ.એ., યુ.આર.એ. આપવા, એલટીસી અને રજાનો લાભ આપવા, ઓવરટાઈમનું ચુકવણુ કરવા ઉપરાંત ઉચ્ચતર પગાર ધોરણ આપવા પણ રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત મધ્યસ્થ કચેરી ગીતા મંદિરના નવા કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં ખસેડવા, હાઈકોર્ટના આદેશ મુજબ આશ્રિતોને એસ.ટી. નિગમમાં કાયમી નોકરી આપવા તેમજ ફીકસ પગારના કર્મચારીઓને એરીયર્સ ચુકવવા અને નિગમના પાર્ટ ટાઈમ અને રોજમદાર બદલી કર્મચારીઓને બોનસનો લાભ આપવા પણ રજૂઆતમાં જણાવાયું છે. ટ્રીપલ સી પરીક્ષામાંથી ડ્રાઈવર, કડંકટર અને હેલ્પર મિકેનિક સહીતના કર્મચારીઓને મુકિત આપવા પણ માંગ ઉઠાવાઈ છે. મજદૂર સંઘ દ્વારા ડ્રાઈવર કડંકટરોના રેસ્ટ રૂમોમાં જરૂરી સુવિધા ઉભી કરવા તેમજ આધુનિક ટ્રેનિંગ સેન્ટર બનાવવા પણ જણાવાયું છે. કર્મચારીઓનો મેનપાવર વધારવા એસ.ટી. નિગમના રૂટોનું સર્વે કરવા મુસાફરો માટે બસોના સમયપત્રક પેઈન્ટ કરાવવા સહિત અન્ય પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા રજૂઆત કરવામાં આવી છે. આ પડતર પ્રશ્નોનો નિકાલ નહીં આવે તો કર્મચારીઓ આંદોલનની રાહ અપનાવશે તેવી પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

# બોર્ડ પરીક્ષામાં તમામ શાળાઓમાં સી.સી. કેમેરા ગોઠવી દેવાશે

## હાલ જિલ્લાની ૭૦ ટકા શાળાઓમાં કેમેરાની વ્યવસ્થા, બાકી શાળાઓ માટે પણ આ વ્યવસ્થા ફરજિયાત

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ મહિનામાં ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા યોજવામાં આવનાર છે. જ્યારે પરીક્ષા દરમિયાન પારદર્શકતા જળવાઈ રહે અને કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે જિલ્લાના તમામ પરીક્ષા સ્થળો પર સી.સી.ટી.વી. કેમેરાની વોચ ગોઠવવામાં આવશે. હાલની સ્થિતિએ માત્ર ૭૦ ટકા પરીક્ષા સ્થળો ઉપર જ કેમેરાની વ્યવસ્થા છે.

બોર્ડની પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે શિક્ષણ બોર્ડ અને જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થાઓ અપગ્રેડ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લામાં એસ.એસ.સી.ની પરીક્ષા માટે ૨૬ કેન્દ્રો અને ૭૮ પરીક્ષાના બિલ્ડીંગો નિયત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટે ૯ કેન્દ્રો અને ૪૫ બિલ્ડીંગોમાં પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ૪ કેન્દ્રોમાં ૨૬ જેટલી શાળાઓમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવાશે. આમ જિલ્લાના ૩૯ કેન્દ્રોમાં ૧૪૪ જેટલા પરીક્ષા સ્થળો પર બોર્ડની કસોટી માટે વ્યવસ્થા ગોઠવાશે. બોર્ડની પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે જિલ્લાની તમામ શાળાઓને સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. હાલની સ્થિતિએ માત્ર ૭૦ ટકા શાળાઓમાં જ આ વ્યવસ્થા ઉપલબ્ધ છે. જ્યારે અન્ય શાળાઓમાં પરીક્ષા દરમિયાન શિક્ષણ બોર્ડ દ્વારા ટેબલેટની વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ આગામી બોર્ડ પરીક્ષા દરમિયાન તમામ શાળાઓમાં સી.સી.ટી.વી. કેમેરાની વૉચ ગોઠવી દેવાશે.

# ગાંધીનગરમાં વેલેન્ટાઈન્સ ડેની ઉજવણીનો થનગનાટ

## શહેરની હોટલો, રેસ્ટોરન્ટ અને સિનેમા ઘરોમાં એડવાન્સ બુકીંગ થયા : ગીફ્ટ શોપ્સમાં ભારે ભીડ

ગાંધીનગર, તા.૧૩

પ્રેમની અભિવ્યકિતનો દિવસ ગણાતા વેલેટાઈન્સ ડેની ઉજવણી માટે યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળી



રહ્યો છે. શહેરની ગીફટ શોપ્સમાં કાર્ડ અને ગીફટની ખરીદી કરવા માટે યુવાનો ઉમટી પડયા હતા યુવાનોમાં આ તહેવારને અનુલક્ષીને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

વેલેન્ટાઈન્સ ડે ની ઉજવણી માટે શહેરના યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પોતાની ગર્લફ્રેન્ડ, બોયફ્રેન્ડ અને ફયોન્સે માટે જાતભાતના કાર્ડ અને ગીફટની ખરીદી કરતા યુવાનો આજે નજરે ચઢયા હતા. વેલેટાઈન્સ ડે અગાઉ હાલમાં વેલેન્ટાઈન્સ વીકની ઉજવણી ચાલી રહી છે આખા શહેરમાં જાણે પ્રેમનો વાયરો ફુંકાયો હોય તેમ યુવાનોની સંખ્યા સવિશેષ જોવ મળી રહી છે.

ખાસ કરીને સરિતા ઉદ્યાન અને નવા બનેલા સ્વર્ણિમ પાર્કમાં યુવક યુવતીઓની અવરજવર વધી છે. મહાત્મા મંદિરથી લઈને સચિવાલય સુધી સુંદર રીતે વિકસાવાયેલો સ્વર્ણિમ પાર્ક હવે યુવાનો અને પ્રેમીઓ માટે ખાસ આકર્ષણરૂપ બની રહ્યો છે. અહીંની લીલીછમ્મ લોન વૃક્ષોના છાંયડાઓમાં બનાવાયેલી બેઠકો વેલેટાઈન્સ વીક દરમિયાન ભરેલી લાગી રહી છે. યુવાનોની અવરજવર અહીં વધુ રહે છે. આવતીકાલે વેલેન્ટાઈન્સ ડે હોવાથી શહેર અને તેની આસપાસ આવેલી હોટલો-રેસ્ટોરન્ટસમાં ઘણા યુવાનોએ એડવાન્સ બુકીંગ કરાવી લીધું છે. હાલમાં જ કેટલીક નવી ફિલ્મો રીલીઝ થઈ હોવાથી તેના એડવાન્સ બુકીંગ થયા છે. વેલેન્ટાઈન્સ ડેની ઉજવણી માટે અનોખો થનગનાટ યુવાનોમાં જોવા મળી રહ્યો છે.

## રામરોટીનું આયોજન કરાયુ

સેક્ટર-૩-ડી સ્થિત શ્રી શાંતાબા મહિલા સેવા ટ્રસ્ટ દ્વારા ૧૭ ફેબ્રુઆરી મહા શિવરાત્રીના દિવસે રામરોટી સવારે ૧૧.૦૦થી ૧.૦૦ દરમિયાન જમાડવામાં આવશે. શાંતાબા ટ્રસ્ટ દ્વારા અવાર-નવાર સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

# રાઈટ ટુ એજયુકેશન અન્વયે શિક્ષણ તંત્રને ૧૨૦ અરજીઓ મળી

## નબળા અને વંચિત જૂથના ૫૦૦ વિદ્યાર્થીઓને ધો-૧ માં પ્રવેશ આપવાનો લક્ષ્યાંક

ગાંધીનગર, તા.૧૩

રાઈટ ટુ એજયુકેશન અન્વયે ૧૨૦ અરજીઓ શિક્ષણ તંત્રને પ્રાપ્ત થઈ છે. નબળા અને વંચિત જૂથના ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને ધો-૧ માં પ્રવેશ આપવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. જેને ધ્યાને લઈ અરજી માટેની મુદત પણ આગામી તા. ૨૭ ફેબ્રુઆરી સુધી લંબાવી દેવાઈ છે.

નબળા અને વંચિત જૂથના વિદ્યાર્થીઓને નગરની સેલ્ફ ફાઈનાન્સ શાળાઓમાં વિના મુલ્યે શિક્ષણ પુરું પાડવા અન્વયે શિક્ષણ તંત્ર દ્વારા ફોર્મ સ્વીકારવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

કોર્પોરેશન વિસ્તારની ૪૪ જેટલી ખાનગી શાળાઓમાં આવા વિદ્યાર્થીઓને વિના મુલ્યે પ્રવેશ આપવામાં આવે છે. રાઈટ યુ એજયુકેશન અન્વયે નબળા અને વંચિત જુથના બાળકોને ધો-૧ થી ૮ સુધી મફત શિક્ષણ પુરું પાડવાની જોગવાઈ છે. જેમાં બીપીએલ કાર્ડ ધારકો અને પછાત વર્ગના પરીવારજનોના બાળકોને પણ બિનસરકારી શાળાઓમાં પણ પ્રવેશ આપવામાં આવે છે. જિલ્લા શિક્ષણ તંત્રને આ અન્વયે અત્યાર સુધી ૧૨૦ અરજીઓ મળી છે. જયારે રાઈટ ટુ એજયુકેશન અન્વયે ૫૦૦નો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જેને ધ્યાને લઈ અરજદારો માટે તારીખ લંબાવી આગામી તા. ૨૭ ફેબ્રુઆરી સુધીની મુદત કરી દેવાઈ છે. રાઈટ ટુ એજયુકેશન અન્વયે જરૂરિયાતમંદ બાળકોને ધો-૧ થી ૮ સુધી વિનામૂલ્યે ખાનગી શાળાઓમાં શિક્ષણ પુરું પાડવામાં આવે છે.

# પેરોલ જમ્પ મર્ડરનો આરોપી પ્રેસ સર્કલથી ઝડપાયો

## સેન્ટ્રલ જેલમાંથી ૧૪ દિવસ માટે વચગાળાના જામીન લઈને છુટ્યા બાદ હાજર થયો ન હતો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર એલ.સી.બી.ના ઈન્ચાર્જ પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટે આપેલી સુચના મુજબ એબસ્કોન્ડર સ્કવોડના પીએસઆઈ એચ.કે. સોલંકી તથા તેમની ટીમે ગઈ કાલે પ્રેસ સર્કલ પાસેથી બાતમીને આધારે પેરોલ જમ્પ મર્ડરના આરોપીને ઝડપી પાડ્યો હતો.

વર્ષ-૧૯૯૧માં હત્યાના ગુનામાં પકડાયા બાદ મહેસાણા સેશન્સ કોર્ટ તરફથી સે. ૧૩ના છાપરા ખાતે રહેતા રસીક ચંદુ દંતાણીને સજા ફરમાવવામાં આવી હતી. રસીક દંતાણીએ ૩૧ ડિસેમ્બરથી ૧૪ દિવસની સેન્ટ્રલ જેલ ખાતેથી વચગાળાના જામીન પર છોડવામાં આવ્યો હતો. ૧૫ જાન્યુઆરી-૨૦૧૫ના રોજ તેને હાજર થવાનું હતું પરંતુ તે હાજર થયો ન હતો. ગાંધીનગર એલસીબીની એબસ્કવોન્ડર સ્કવોર્ડે બાતમીને આધારે ગઈ કાલે પ્રેસ સર્કલ પાસેથી પેરોલ જમ્પ કરેલા આરોપીને પકડી પાડી સેન્ટ્રલ જેલ હવાલે કરી દેવામાં આવ્યો છે.

## સ્વાઈન ફલુના વિરોધમાં શહેર કોંગ્રેસ દેખાવ કરશે

રાજયમાં સ્વાઈન ફલુએ કાળો કેર વર્તાવ્યો છે. ગુજરાતમાં દિવસે દિવસે સ્વાઈન ફલુથી અનેક લોકો મોતને ભેટી રહ્યા છે. સરકાર લોકોની સાવચેતી અને રક્ષણ આપવામાં નિષ્ફળ નિવડી છે. ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે શનિવારે સાંજે ૪ થી ૬ કલાકે પથિકાશ્રમ સર્કલ પાસે સરકાર વિરુધ્ધ ધરણા અને દેખાવો કરવામાં આવશે. આરોગ્ય મંત્રીએ પોતાની નૈતિક જવાબદારી સ્વીકારી રાજીનામુ આપવું જોઈએ ધરણા અને દેખાવો શહેર જિલ્લા પ્રમુખ મુકેશ પટેલની આગેવાની હેઠળ યોજવામાં આવશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪

સૂર્યાસ્ત : ૬.૩૬

## તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૦.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૧ ટકા ● સાંજે ૨૯ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

રોય : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્કીન-૨ :

રોય : ૧૨.૦૦, ૯.૦૦

બેબી : ૩.૦૦, ૬.૦૦

સ્કીન-૩ :

એમઓજી : ૧૧.૩૦, ૨.૦૦, ૬.૦૦, ૯.૩૦

### સિટીપલ્સ

: સ્કીન-૨ :

રોય : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્કીન-૩ :

રોય : ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

સ્કીન-૪ :

એમ.એસ.જી : ૧૨.૩૫

મીતવા(મરાઠી) : ૪.૦૦

ટેમ્પર (તેલુગુ) : ૭.૦૦

બેબી : ૧૦.૦૦

સ્કીન-૫ :

રોય : ૧૦.૦૦

ષમિતાભ : ૩.૪૫

ખામોશીયાં : ૬.૪૫, ૧૦.૦૦

સ્કીન-૫ :

રોય : ૧૦.૦૦

ષમિતાભ : ૧૨.૪૫

બેબી : ૧૦.૦૦

### સિનેમેક્સ

: સ્કીન-૧ :

રોય : ૮.૧૫, ૧૧.૨૫, ૯.૨૦

ષમિતાભ : ૨.૪૦

એમ.એસ.જી : ૫.૫૦

સ્કીન-૨ :

રોય : ૯.૪૦, ૧૨.૨૦, ૪.૦૦, ૭.૧૦, ૧૦.૨૦

સ્કીન-૩ :

એમ.એસ.જી : ૮.૪૦,

રોય : ૧૨.૧૦, ૩.૨૦

બેબી : ૬.૩૦

ષમિતાભ : ૯.૪૫

સ્કીન-૪ :

એમ.એસ.જી : ૮.૦૦, ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા- પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. લીલાબેન આત્મરામ પંચાલ (ઉ.વ.૭૫) મુ. ગલથરા, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. સુભદ્રાબેન ગુરુધ્યાલ જયસ્વાલ (ઉ.વ.૭૪) ૨૯/૩, 'છ'-ટાઈપ, સેકટર-૧૭
- સ્વ. રણજીતભાઈ સવાજી વણઝારા (ઉ.વ.૩૫) જી.ઈ.બી. મેઈનગેટના છાપરા, ગાંધીનગર
- સ્વ. કેતનકુમાર રમણભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૬) મુ.પો. ઈન્દ્રોડા, પ્રજાપતિ વાસ, ગાંધીનગર
- સ્વ. ચંચળબા લક્ષ્મણજી ચાવડા (ઉ.વ.૬૫) ૫૬/૨૩૨, શ્રીનગર સોસાયટી, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. વાસંતીબેન કેશવલાલ આડગોર (ઉ.વ.૮૧) પ્લોટ નં. ૧૨૪૭/૧, સે-૭, ગાંધીનગર